ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ભાજપની પ્રચાર રેલીમાં ગરવી ગુજરાતના ગીતોએ ધૂમ મચાવી

## બાઈક રેલીમાં ખેસ અને ટોપી પહેરી કાર્યકર્તાઓએ સેક્ટરો ગજવ્યા : મોદી ફોર પી.એમ.ના પોસ્ટરો હાથમાં લઈ મહીલાઓએ પ્રચાર કર્યો



ગાંધીનગર, તા. ૨૭

લોકસભાની ચુંટણીને લઈ પ્રચાર ઝુંબેશે ધૂમ મચાવી છે. સેકટરોમાં વિવિધ રાજકીય પક્ષોના રોડ શૉની સાથે પ્રચારના અવનવા તુક્કાઓ અપનાવી મતદારોને આકર્ષવાની મથામણ પરાકાષ્ઠાએ પહોંચી છે. ભાજપ દ્વારા આજે સેકટરોમાંથી બાઈક રેલી નીકાળવામાં આવી હતી. મોદી ફોર પી.એમ.ની ટોપી અને હાથમાં પોસ્ટરો લઈ ખેસ પહેરીને ભાજપના કાર્યકરોએ સેકટરો ગજવ્યા હતા. ગરવી ગુજરાતના ગીતોની ધૂમ સાથે સેકટરોમાં ડી.જે.ના સૂર સાથે અડવાણીને જંગી બહુમતીથી જીતાડવા પ્રચાર કરાયો હતો. આ રોડ શૉમાં મોદીના ફોટાવાળી વિશિષ્ટ ટોપી પહેરીને મહિલા કાર્યકરો પણ જોડાઈ હતી.

મતદાનના આડે હવે માત્ર બે દિવસ બાકી રહી ગયા હોવાથી પ્રચાર ઝુંબેશની પણ અંતિમ ઘડીઓ ગણાઈ રહી છે. શહેરમાં દિવસ દરમિયાન રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશના લીધે ચુંટણીલક્ષી માહોલ પણ ગરમાયો છે. ગઈકાલે કોંગ્રેસના રોડ શૉ બાદ આજે ભાજપ અને આમ આદમી પાર્ટી દ્વારા સેકટરોમાં બાઈક રેલી યોજવામાં આવી હતી. ભાજપ દ્વારા સવારે ૮ વાગે સે-૧ ગાયત્રી મંદિરથી યુવા મોરચાની બાઈક રેલી યોજવામાં

● અનુસંધાન પાન-૫ પર

# હજુ મતદારો મન કળવા જ દેતા નથી

## આચારસંહિતાની કડક અમલવારીથી ચૂંટણીલક્ષી વાતાવરણમાં ભર ઉનાળે ઠંડક

ગાંધીનગર, તા. ૨૭

લોકસભાની ચૂંટણી આડે ફક્ત બે દિવસ બાકી રહ્યા છે છતાં શહેરમાં ચૂંટણીઓની ખુણે ખાતરે ફક્ત ચર્ચાઓ જ થતી રહી છે. મતદારો પોતાનું મન કળવા ન દઈ પોતપોતાના વ્યવસાયમાં જ લક્ષ રાખી રહ્યા છે. જેથી ઉમેદવારો ભારે મુંજવણ અનુભવી રહ્યા છે. જો કે ચૂંટણીલક્ષી વાતાવરણમાં કોઈ જ ઉમળકો ઉમેદવારો કે મતદારો તરફથી ન જણાતાં ભર ઉનાળે પણ ઠંડક ભાસી રહી છે.

દેશનું પર્વ ગણાઈ રહેલી ચૂંટણીના પડધમ એકદમ નજીક સંભળાઈ રહ્યા છે ત્યારે લોકોમાં ચૂંટણી માટેનો ઉત્સાહ વર્તાતો નથી. જે તે ઉમેદવારોના કાર્યાલયો અને કાર્યકર્તાઓ દોડાદોડી કરતાં નજરે પડી રહ્યા છે. પરંતુ શહેરના શાણા મતદારો પોતાનું મન કળવા ન દેતાં ઉમેદવારો ફક્ત રેલીઓ યોજી સંતોષ માની રહ્યા છે. સોમવાર સમી સાંજથી પ્રચાર અભિયાનનો અંત આવશે ત્યારે ચૂંટણીલક્ષી વાતાવરણ ઉભુ કરવામાં નિષ્ફળ રહેલા ઉમેદવારો ભારે દ્વિધા અનુભવી રહ્યા છે. જો કે ઘેર ઘેર પ્રચાર અને ગામડાઓમાં ખાટલા પરિષદો યોજવાની તૈયારીઓ ઉમેદવારોએ આરંભી દીધી છે.

મહત્વની બાબત સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન એ રહી છે કે આચારસંહીતા એ ઉમેદવારોને મર્યાદામાં મુકી દીધા છે. જેથી વર્ષો અગાઉ ભીંતો ઉપર પોષ્ટર, રીક્ષાઓમાં બેફામ માઈક દ્વારા પ્રચાર, લોભામણી ઓફરો તથા ધાકધમકી વગેરે ઉપર સંપુર્ણ અંકુશ આવી ગયો છે. જેથી અગાઈની જેમ ચૂંટણી માહોલ ઉભો કરવામાં ઉમેદવારો પાછા પડી રહ્યા છે.

લોકશાહીમાં લોકતંત્રને જીવંત રાખવા માટે મતદારોએ જ જાગૃતતા કેળવવી જોઈએ જેના પરિણામ સ્વરૂપ હાલ સમગ્ર દેશમાં ચૂંટણી અંગેની ચર્ચાઓ ખુલ્લા મન સાથે થઈ રહી છે પરંતુ પોતાનું મન કંઈ તરફે છે તે અકબંધ રાખી મતદારો પોતાનો પવિત્ર મતનું દાન કરશે. ગાંધીનગરમાં ૨૦ ઉમેદવારો મેદાનમાં છતાં કુલ ૩૦ સેક્ટરમાં ચૂંટણી માહોલ ઉભા ન કરી શકતા મતદારોમાં પણ આશ્ચર્ય ઉભુ થયું છે.

# 'આપ'નો શહેરમાં રોડ શો



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સંસદીય લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર રીતુરાજ મહેતાએ પોતાના સમર્થકો સાથે ગાંધીનગર શહેરના સેક્ટરોમાં રોડ શૉ યોજી જનસંપર્ક કર્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સમર્થકો જોડાયા હતા.



ગાંધીનગર લોકસભા બેઠક પર જીત મેળવવા ભાજપ-કોંગ્રેસ સહિત આમ આદમી પાર્ટીના ઉમેદવાર પણ અંતિમ ઘડીએ તાબડતોડ રોડ શૉ અને રેલીઓ યોજી રહ્યા છે. ચૂંટણી પ્રચાર બંધ થવાની ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવાર રીતુરાજ મહેતાએ આજે શહેરના વિવિધ સેક્ટરોમાં વહેલી સવારથી પોતાના અસંખ્ય કાર્યકરો પ્રચાર માટે નિકળી પડ્યા હતા. જૂના સેક્ટરોથી રોડ શોની શરૂઆત કરી સેક્ટરે સેક્ટરે ફરી વળ્યા હતા. જ્યારે બપોર બાદ શહેરના નવા સેકટરો અને આસપાસના વિસ્તારોમાં પણ પ્રચાર કર્યો હતો. સાંજે ઈન્ફોસીટી, સે. ૧, ૨, ૭ થઈ પથીકાશ્રમ થઈ રોડ શો ઘ-૫ ખાણીપીણી બજાર સુધી પહોંચ્યો હતો. જેમાં ઉમેદવાર રીતુરાજ મહેતાએ શહેરીજનોને મત આપવા અપીલ કરી હતી.

# ત્રણ અપક્ષ ઉમેદવારોને નોટીસ

## ગાંધીનગર બેઠક પર ૩ તબક્કામાં હિસાબો રજુ કરવામાં અપક્ષો સૌથી વધુ નિષ્ફળ રહ્યા છે !!!

ગાંધીનગર, તા. ૨૭

લોકસભા ચૂંટણી ૨૦૧૪ની ચૂંટણી માટે મતદાનની આડે હવે ગણત્રીના દિવસો બાકી છે ત્યારે આજે ચૂંટણી ખર્ચ રજૂ કરવા માટે હાજર નહિ રહેનાર ૩ અપક્ષ ઉમેદવારોને જિલ્લા ચૂંટણી અધિકારીએ નોટીસ આપી છે.

લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાથી લઈ અને મતદાનના દિવસ સુધીમાં ત્રણ તબક્કામાં ઉમેદવારોએ તેમના ખર્ચના હિસાબો રજુ કરવાના હોય છે. પંચે આ વખતે ચૂંટણી ખર્ચ પરના નિયંત્રણનો વધુ કડકાઈથી અમલ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આજે ત્રીજા તબક્કાના હિસાબો રજુ કરવા માટે દિવસ નિયત થયો હતો. આજે દિવસ દરમ્યાન ૩ અપક્ષ ઉમેદવારો તેમના હિસાબો ચૂંટણી નિરીક્ષક સમક્ષ રજુ ન કરતાં લોક પ્રતિનિધિત્વ ધારાની જોગવાઈઓ મુજબ જિલ્લા ચૂંટણી અધિકારીએ નોટીસો આપી છે.

જે ત્રણ ઉમેદવારો આજે હિસાબ રજુ નથી કર્યા તે ત્રણેય અપક્ષ ઉમેદવારો છે. આ ત્રણેય ઉમેદવારોના નામ શ્રી ચંદ્રસિંહ ઠાકોર, શ્રી ગણપતભાઈ પગી અને શ્રી રાજ પ્રજાપતિ છે.

ત્રણ તબક્કા દરમ્યાન દરેક તબક્કે ૧ થી ૩ ઉમેદવારો હાજર રહ્યા નથી. પ્રથમ તબક્કા દરમ્યાન ૧ અપક્ષ ઉમેદવાર હાજર રહ્યા ન હતા. તો બીજા તબક્કાની ચકાસણીમાં બે અપક્ષ ઉમેદવાર હાજર રહ્યા ન હતા અને ત્રીજા અને અંતિમ તબક્કામાં ૩ અપક્ષ ઉમેદવારો હાજર રહ્યા નથી.

ચૂંટણી ખર્ચના હિસાબોમાં વિસંગતતા જણાતાં ચૂંટણી અધિકારીએ બે ઉમેદવારોને નોટીસ આપી હતી. જે વિસંગતતાનો એકરાર ઉમેદવારો દ્વારા કરવામાં આવ્યો હોવાનું ચૂંટણી અધિકારીશ્રીની કચેરીના સૂત્રોએ જણાવ્યું છે.

ચૂંટણી પંચે ખર્ચ વ્યવસ્થાપન કરડી નજર રાખવા માટે ઉમેદવાર દીઠ શેડો રજીસ્ટર પણ બનાવ્યા છે. જે ઉલ્લેખનીય છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તાર આર્થિક રીતે સંવેદનશીલ હોવાથી બે ખર્ચ નિરીક્ષકો આ ખર્ચ વ્યવસ્થાપન પર બાજ નજર રાખી રહ્યા છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ભાજપ અને કોંગ્રેસ સહિત બે થી ત્રણ ઉમેદવારોના હિસાબો જે આજે રજુ થયા છે તેની ચકાસણીની કામગીરી હાલ ચાલુ છે અને કાલ બપોર સુધીમાં તે આખરી થઈ જશે તેમ મનાઈ રહ્યું છે.

# અપહરણકારો મળ્યા પણ હજુ જેનું અપહરણ થયું છે તે યુવાન જ નથી મળ્યો...!!!

## આરોપી દર્પણ પોલીસ સમક્ષ હાજર થયો : બીજા આરોપી પ્રમુખના આગોતરા જામીન નામંજુર : બંને આરોપી કહે છે અમારી પાસે યુવાન નથી : લાપતા યુવાનના ચિંતિત પરિવારમાં ૧૦ દિવસથી રોકકળ ચાલુ છે

ગાંધીનગર,તા.૨૭

શહેરના સે.૨૨ પંચદેવ મંદિર પાસે બોલાવીને રૂ.૨.૭૦ કરોડની લેતીદેતીમાં પાલજ ગામના યુવાનનું બે શખ્સોએ મળીને અપહરણ કરી લીધું હોવાની ફરિયાદ અપહ્યુતના પિતા એ આપી હતી.આ ઘટનાને ૧૦-૧૦ દિવસ વીતી ગયા પરંતુ હજુ પણ અપહ્યુત યુવાન નો પત્તો લાગ્યો છે. અપહ્યુત પાલજ ગામના યુવાનની શોધખોળ માટે પોલીસ ટીમો બનાવી છે પરંતુ તેનો પતો લાગતો નથી. બીજી તરફ અપહરણ પાછળ જે બે વ્યક્તિના નામ ફરિયાદમાં છે તે પૈકી એક હાલ હોસ્પિટલમાં છે અને કોર્ટે તેની આગોતરા જામીન આરજી ફગાવી દીધી છે.જયારે બીજો આરોપી પોલીસ સમક્ષ હાજર થઈ ગયો છે. બંને આરોપી કહે છે કે

● અનુસંધાન પાન-૫ પર

# નેતૃત્વ માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત જરૂરી

## ચૂંટાયા પછી નેતાઓએ વર્ષમાં એક વાર મતવિસ્તારની મુલાકાત લેવી જોઈએ અને ગંદી રાજનીતિમાં જ્ઞાતિવાદને દૂર રાખવો જોઈએ

ગાંધીનગર, તા. ૨૭

સાહેબ, ચૂંટણી આવે છે એટલે નેતાઓ મત માંગવા નિકળી પડે છે. ચૂંટણી પત્યા પછી ક્યારેય નેતાઓ મતદારોને પડતી સમસ્યાઓનુ

**ઈલેક્શન લાઈવ**

નિરીક્ષણ કરવા આવતા નથી. અને જે નેતાઓ ચૂંટણીમાં વચનો આપે છે. તે નેતાઓ ચૂંટણી પછી ભુલી જાય છે. ત્યારે જો ઉમેદવાર સ્થાનિક હોય તો સામે મળે તો પણ અમે તેમણે આપેલા વચનો યાદ કરાવી શકીએ છીએ પણ પેરાશુટ ઉમેદવારને અમે કેવી રીતે મળી શકીએ. અને જો પેરાશુટ ઉમેદવાર વિજેતા બને તો તેને મળવા માટે અમારે લાઈનમાં બેસવુ પડે. એક આખો દિવસ અમારો ધંધો બગાડવો પડે ત્યારે અમારા કામ થાય આ શબ્દો છે સેક્ટર-૭ના દુકાનદાર ગોવિંદભાઈ પ્રજાપતિના.

ઈલેક્શન લાઈવની ટીમે નગરના મતદારોનો અભિપ્રાય જાણ્યો હતો. આ દુકાનદારે જણાવ્યું હતું કે આ ભીષણ મોંઘવારીમાં છોકરાઓને ભણાવવું પણ મુશ્કેલ થઈ પડ્યું છે. નેતા એવો હોવો જોઈએ કે જે ગરીબીને સમજી શકે. અને તેને નાથવાના પ્રયત્નો કરી જે મતદારો પાસેથી મત મેળવ્યા છે તે મતનું ઋણ ચુકવે.



શહેરના અન્ય મતદાર અને યુવાન વેપારી સતિષભાઈએ જણાવ્યું છે કે ઉમેદવાર સ્થાનિક હોય કે પેરાશુટ હોય પણ ચૂંટાઈને આવ્યા પછી વર્ષમાં એક વખત પોતાના મત ક્ષેત્રમાં લોક સંપર્ક કરવો જોઈએ. જેનાથી વિજેતા સાંસદને ખ્યાલ પણ આવશે કે પોતાના મત વિસ્તારમાં કેવા કાર્યો કરવાની જરૂર છે. મતદારોની કેવી સમસ્યા છે.

તેમજ એક સાંસદના મત વિસ્તારમાં સાત વિધાનસભા આવતી હોય છે. ત્યારે એક વિધાનસભા વિસ્તારમાં એક એવી સાત ઓફિસ હોવી જોઈએ જેથી મતદારોને જે ઓફિસ નજીક પડતી હોય ત્યાં જઈ પોતાની સમસ્યાઓ જણાવી શકે. કેન્દ્ર સરકાર સાંસદોને વિકાસ કરવા માટે મસ મોટી ગ્રાંટ ફાળવવામાં આવતી હોય છે. ત્યારે આ ગ્રાન્ટનો ઉપયોગ વિકાસ માટે નહિ પણ સાંસદો વિનાશ કરવા વાપરતા હોય છે. તેવા ઉમેદવારને હુ ક્યારેય મત આપીશ નહિ.


● અનુસંધાન પાન-૫ પર

# સે.૨૫માંથી આઈ.પી.એલ. પર સટ્ટો રમાડતા બે સટોડિયા ઝડપાયા

## એલ.સી.બી.એ દરોડો પાડી ૧૧ હજારના મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરી

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર એલ.સી.બી ની ટીમે બાતમીને આધારે શહેરના સે.૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં દરોડો પાડી આઈ.પી.એલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બે શખ્સોને પકડી પડ્યા હતા.પોલીસે ૪ મોબાઈલ તથા ટી.વી અને રોકડ મળીને રૂ.૧૧,૬૧૦ ના મુદ્દામાલ સાથે બંને ની ધરપકડ કરીને ડી તપાસ શરુ કરી છે.પકડાયેલા બંને સટોડિયા પૈકી એક ટીનો જયસ્વાલ અગાઉ દારૂના ધંધામાં ઘણી વાર પકડાઈ ચુકેલો નામચીન બુટલેગર છે. ગાંધીનગર શહેરના સેક્ટર.૨૫ સુર્યનારાયણ સોસાયટીના પ્લોટ નં.૨૦૪ ખાતે આઈ.પી.એલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમી ગઈ કાલે સાંજે એલ.સી.બી પી.એસ.આઈ વાય.જે.રાઠોડને મળતા તેમની ટીમ સાથે મળીને દરોડો પાડ્યો હતો.રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને રાજસ્થાન રોયલ વચ્ચે ચાલી રહેલી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહેલા સે.૨૪ શ્રીનગર સોસાયટીનો રહેવાસી જીતેન્દ્ર ઉર્ફે ટીનો બાબુલાલ જયસ્વાલ તથા સે.૨૪ હરીસીદ્ધીનગર સોસાયટી ડબલ ડેકરના રહેવાસી મયંક ઉર્ફે રોકી હિતેશ પટેલ બંને ને રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.એક ટી.વી , ૪ મોબાઈલો , સીમ કાર્ડો તથા રોકડા મળીને રૂ.૧૧,૬૧૦ નો મુદ્દામાલ જપ્ત કરીને બંને સટોડીયાઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી માટે સે.૨૧ પોલીસને સોંપવામાં આવ્યા હતા. શહેરમાં બુટલેગર તરીકેની ઓળખ ઉભી કરનાર તથા કેટલીય વાર દારૂના કેસમાં પકડાયેલો જીતેન્દ્ર ઉર્ફે ટીનો જયસ્વાલ આ સટ્ટામાં પકડાયો છે.










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com